ગાંધીનગર સમાચાર

વેકેશનનો છેલ્લો રવિવાર
બાળકોએ મન ભરીને માણ્યો

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે ટાઉનહોલ, સે-૧૭ ખાતે દિગ્દર્શિત સિદ્ધાર્થ રાંદેરિયા ગુજ્જુભાઈ બન્યા દબંગ! નાટક પ્રસ્તુત કરશે.

● સે-૭ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી ખાતે સાંજે ૪.૩૦ કલાકે સિનીયર સીટીઝન કાઉન્સીલની માસિક બેઠક યોજાશે.

● સે-૨-બી ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે બપોરે ૧.૩૦થી ૫.૩૦ કલાક દરમિયાન ચાલી રહેલ શ્રીમદ્ ભાગવત કથા યજ્ઞમાં કૃષ્ણ બાળ લીલાને આવરી લેવાશે.

● સે-૨૨, કલ્પના અને રચના સોસાયટીના બગીચા ખાતે બપોરે ૩.૦૦ કલાકે મુકુંદભાઈ મહારાજની વ્યાસપીઠે શ્રીમદ ભાવગત સત્સંગ પારાયણ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# કુડાસણમાં વરરાજા ઘોડા પર મત આપવા ગયા

## વરરાજા સહિત પરિવારના સભ્યો મળી આઠ નાગરિકોએ મતદાન કરીને બાપુનગર જાન ઉપાડી

ગાંધીનગર, તા.૨૯

રાજયભરમાં યોજાયેલી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચુંટણી દરમિયાન મતદાન મથકો પર કયાંક મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો તો કયાંક મતદારોમાં નિરસતા જોવા મળી હતી. ગાંધીનગર નજીકના કુડાસણ ગામના એક યુવાનના આજે લગ્ન હતા. વરઘોડ નીકળ્યો અને વરરાજા ઘોડા સાથે ચુંટણી બુથ પર પહોંચ્યા હતા. વરરાજા તથા તેના પરિવારજનોએ વોટીંગ કર્યા બાદ જાન બાપુનગર તરફ પ્રસ્થાન કરી હતી. ગામમાં આ બાબત ચર્ચાનો વિષય બન્યો હતો.

કુડાસણ ગામમાં રહેતા યુવાન મોહસીન મન્સુરીના આજે લગ્ન હતા અને સવારે જાન પ્રસ્થાન થાય તે પહેલા ગામમાં વરઘોડો નિકાળ્યો હતો. આજે ચુંટણી હોવાથી મતાધિકારનો લાભ લેવામાં વરરાજા કે તેના પરીવારજનો વંચિત ન રહી જાય તે માટે વરરાજાએ વરઘોડો ચુંટણી બુથ પાસેથી નિકાળ્યો હતો અને પોતે તથા પરિવારના સભ્યો ચુંટણીકાર્ડ સાથે લઈને જ નિકળ્યા હતાં. વરઘોડો ચુંટણી બુથ પાસે ઉભો કરી દઈને ઘોડા સાથે વરરાજા શાળાના દરવાજા સુધી ગયો અને ત્યારબાદ અંદર જઈને વરરાજા મોહસીને તથા તેના પરિવારના સભ્યો મળી ૮ વ્યકિતઓએ મતદાન કર્યું હતું. મતદાન કર્યા બાદ ફરી ઘોડા પર બેસીને વરઘોડો સંપન્ન કર્યા બાદ બાપુનગર તરફ જાન પ્રસ્થાન કરી હતી.



(તસવીર : દિપક જાની)

## કુડાસણ મતદાન મથકની મુલાકાત લેતાં ચૂંટણી કમિશનર



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની કુડાસણ બેઠકના કુડાસણ પ્રાથમિક શાળા ખાતેના અતિ સંવેદનશીલ મતદાન મથકની જિલ્લા કલેકટર શ્રી રવિશંકરની ઉપસ્થિતિમાં ચૂંટણી કમિશનર શ્રી ડૉ.વરેશસિંહાએ ઓંચિતી મુલાકાત લીધી હતી.

કુડાસણ ખાતે બપોરના ૧૨ કલાકે લીધેલ મુલાકાતમાં છ મતદાન મથકમાં ફરીને ચૂંટણી કમિશનર વરેશસિંહાએ પ્રિસાઈડીંગ ઓફિસર તથા પોલીંગ એજન્ટને મળીને મતદાન અંગેની વિગતો મેળવી હતી. શરૂઆતના ત્રણ કલાકમાં કુડાસણ બેઠકનું થયેલ ૪૫ ટકા મતદાનની વિગતો મેળવી હતી. તેમજ અતિ સંવેદનશીલ કુડાસણ મતદાન મથકની કાયદો- વ્યવસ્થા અંગે પણ જાણકારી મેળવી હતી.

તેઓએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજય અને ગાંધીનગર જિલ્લામાં મતદાન શાંતિપૂર્ણ રીતે થઈ રહ્યું છે. અત્યાર સુધી કોઈ પણ અનિચ્છનીય ફરિયાદ મળી નથી. મતદારોના નામો કમી થયા હોય તેવી કોઈ પણ ફરિયાદ મળી નથી. રાજયમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થશે, તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

ચૂંટણી કમિશનર શ્રી વરેશસિંહાની કુડાસણ બેઠકની મુલાકાત દરમ્યાન ગાંધીનગર મામલતદાર શ્રી ડી.જી.મોદી પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વાતવાતમાં

● વિધાનસભા અધ્યક્ષના અંગત સચિવ દિનેશભાઈ વ્યાસના નિવાસસ્થાન સે.૨ડી ખાતે તેમના માતૃશ્રી સ્વ. તારાબાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ભજન સંધ્યાનું આયોજન કરાયું હતું. આ ભજન સંધ્યામાં ગુજરાત ગૌરવ એવોર્ડ વિજેતા સુપ્રસિધ્ધ ભજનિક મુકેશભાઈ ભટ્ટે શ્રોતાઓને ભક્તિરસનું રસપાન કરાવ્યું હતું.

● જિલ્લા પંચાયતની ચૂંટણીની પૂર્વ રાત્રિએ મત વિસ્તારોમાં મતદાતાઓને રીઝવવા રાજકીય પક્ષો દ્વારા દારૂની રેલમછેલ કરાઈ હતી. જોકે આવું કંઈ બન્યું હોય તેવું પોલીસતંત્રના ધ્યાને આવ્યું નથી તે અલગ વાત છે.

● કોબા ગામે મતદાન સમયે રાજકીય પક્ષના ટેકેદારોએ એક પ્રેસ ફોટોગ્રાફર સાથે ઝપાઝપી કરી હતી. જેમાં તેનું આઈકાર્ડ તોડી નાખ્યું હતું. મતદાન મથકે ચાલી રહેલ માથાકૂટનું કવરેજ કરવા ગયેલા આ ફોટોગ્રાફરને 'પીધેલા' ટેકેદારોનો કડવો અનુભવ પ્રાપ્ત થયો હતો.

● વાવોલમાં એક મતદારને પોતાનું સાચુ મતદાન બુથ શોધવા માટે ત્રણેક મતદાન મથક ફરવું પડ્યું હતું. મતદાર યાદીમાં થયેલા ફેરફારને કારણે ઘણા મતદાતાઓને ચૂંટણી અધિકારીઓએ ચલકચલાણી રમાડી હતી.

● કેટલાક મતદાન મથકો નજીકમાં જ લગ્ન સમારંભો યોજાયેલા જોવા મળતા હતા. ચૂંટણી કાર્યની ફરજ બજાવી રહેલા કર્મચારીઓનું લગ્નની શરણાઈના સૂરોએ દિવસભર મન બહેલાવ્યું હતું.

● માહિતી ખાતામાં ચાલી રહેલ ભરતી પ્રક્રિયામાં નાયહ માહિતી નિયામક વર્ગ-૧ની જગ્યા માટે ૨૨૨ તથા સહાયક માહિતી નિયામક વર્ગ-૨ની જગ્યા માટે ૨૫૧ ફોર્મ ભરાયા છે.

● સે.૨૭માં એક પરિણિતતાએ પોતાના ઘરે એસીડ ગટગટાવી લેતા તુરંત સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. સારવાર બાદ પરિણિતાની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## વિધાનસભા ખાતે પૂજય ઠકકરબાપાના તૈલચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત વિધાનસભાના પોડિયમમાં પૂજય ઠકકરબાપાનું તૈલચિત્ર મુકવામાં આવેલું છે. આજે પૂજય ઠકકરબાપાના જન્મદિને તેઓશ્રીના તૈલચિત્ર સમક્ષ ગુજરાત વિધાનસભાના સચિવશ્રી ડી.એમ. પટેલ સહિત મહાનુભાવોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ઠકકરબાપાના હુલામણા નામથી જાણીતા શ્રી અમૃતલાલ ઠકકરનો જન્મ તા. ૨૯ નવેમ્બર ૧૮૬૯માં ભાવનગર ખાતે થયો હતો. ગાંધીજીના પ્રિયજન, વંચિતોના ઉદ્ધારક અને ૧૯૨૨માં ગુજરાતમાં પડેલ દુષ્કાળમાં રાહતકામો કરનારા પૂજય ઠકકરબાપાએ અસહકારની લડતમાં જેલવાસ ભોગવ્યો હતો. તેઓ બંધારણ સભાના સભ્ય પણ હતા. તેઓનું અવસાન તા. ૧૯મી જાન્યુઆરી ૧૯૫૧માં થયું હતું.

# શહેરમાં શિયાળાનું શ્રેષ્ઠ વસાણું તલ કચરીયાનું આગમન

## તલના ભાવ ઘટતાં કચરીયાનું ૧૦% નીચા ભાવે થઈ રહેલું વેચાણ, ઠંડીના ચમકારે વેચાણમાં ઉછાળો

ગાંધીનગર, તા.૨૯

શિયાળાની ઋતુની શરૂઆત થયા પછી પણ ઠંડીએ રિસામણા લીધા હતા. પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી અચાનક જ ઠંડીની તીવ્રતાએ શિયાળાનો સૌને અહેસાસ કરાવી દીધો છે. જેથી ઠંડીની સિઝનમાં ઉપયોગી એવી ખાદ્ય ચીજવસ્તુઓમાં તેજી આવી છે. શહેરમાં શિયાળામાં સૌથી વધુ આરોગાતું શ્રેષ્ઠ અને સસ્તુ વસાણું એવું કચરીયું વેચાણ અર્થે આવી ગયુ છે. ઠંડીના ચમકારે આ ખાદ્યચીજમાં અચાનક જ ઉછાળો નોંધાયો છે. જો કે ચાલુ વર્ષે તલના ભાવ ઘટતાં કચરીયું દસ ટકા જેવા નીચા ભાવે વેચાણ થઈ રહ્યું છે. સામાન્ય વર્ગને પરવડે તેવો શિયાળાનો આ શ્રેષ્ઠ ખોરાક લોકપ્રિય હોઈ તેની બોલબાલા વધારે હોય છે.

શિયાળાનું દબાતા પગલે આગમન થઈ ચુકયું હતું. પરંતુ વહેલી પરોઢ અને રાત્રી દરમિયાન જ તે અનુભવાતું હતું. છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીએ પોતાનો મિજાજ બતાવતાં સૌ કઈ ગરમાવો મેળવવા પ્રયત્નશીલ બન્યા હતા. જેમાં વળી શુક્રવાર સમી સાંજે કડકડતી ઠંડીનો અહેસાસ થઈ તાપમાન લગભગ ૧૨ ડિગ્રીએ પહોંચી ગયાના સમાચાર સાંપડયા હતા. આવી ઠંડીમાં ગરમ પદાર્થોનું સેવન એ આરોગ્ય માટે શ્રેષ્ઠ પુરવાર થતું હોઈ નગરમાં ગરમ ખાદ્ય પદાર્થોના વચાણમાં એકાએક ઉછાળો નોંધાયો છે. જો કે કચરીયા એ દિવાળી પછી નગરમાં પ્રવેશ કરી લોકોના ઘરમાં આગમન કરી લીધું છે. જેમાં તીવ્ર ઠંડીએ આ પદાર્થમાં અણધરી તેજીનો પવન ફુંકાયો છે. સુકામેવા તથા અન્ય પદાર્થોના મોંઘાદાટ ભાવો સામે કચરીયું એ સામાન્ય વર્ગ માટે શિયાળાનું સર્વ શ્રેષ્ઠ વસાણું પુરવાર થયું છે.



તલના મબલખ ઉત્પાદનથી ભાવમાં ઘટાડો થયો છે જેથી કચરીયું પણ દસ ટકા નીચા ભાવે વેચાઈ રહ્યું છે. સફેદ તલનું કચરીયું હાલ રૂ. ૧૪૦ના ભાવે વેચાય છે તો કાળા તલનું કચરીયું રૂ.૧૬૦ના ભાવે અને મસાલાવાળું કચરીયું રૂ. ૧૮૦ના ભાવે વેચાણ થઈ રહ્યું છે. સાથે તલની ચિકી, તલનું તેલ અને સફેદ તલ પણ કચરીયા ઘાણી ઉપર ઉપલબ્ધ બન્યા છે. સેકટર-૨૩ની અંબિકા તલ ઘાણી વર્ષોથી કચરીયાનું વેચાણ કરે છે અને શહેરભરમાંથી લોકો અહીં ખરીદી અર્થે ઉમટી પડે છે. કચરીયાના વેચાણ ઉપરાંત દરેક પ્રકારની ચિકી, મમરા ચિકી અને શિયાળામાં ઉપયોગી એવા ખાદ્ય પદાર્થોનું પણ ધુમ વેચાણ થાય છે. ઠંડીની અચાનક તીવ્રતાએ સૌ કોઈને ઝંઝોડી નાખ્યા છે અને શરીરને હુષ્ટપુષ્ટ અને તંદુરસ્ત બનાવવા આ સિઝનનો ભરપુર ઉપયોગ કરતાં લોકો સૌથી વધુ ખાધા ખોરાકી ઉપર ધ્યાન આપતા હોય છે જે કારણે નગરમાં વેચાતા ગરમ ખાદ્ય પદાર્થોમાં તેજીનું તોફાન ફુંકાય તેવા સંજોગો ઉભા થયા છે અને કચરીયું ગરીબ-અમીરનો ભેદભાવ વગર પોષાય તેવા ભાવે મળતા સૌ હોંશે હોંશે આરોગે છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# વેકેશનનો છેલ્લો રવિવાર બાળકોએ મન ભરીને માણ્યો

ગાંધીનગર, તા.૨૯

દિવાળી વેકેશનના અંતિમ તબક્કાના છેલ્લા રવિવારે કોલેજ તેમજ શાળાના વિદ્યાર્થીઓએ પોતાની રીતે વેકેશનના છેલ્લા દિવસનો ભરપુર લુત્ફ ઉઠાવ્યો હતો. દિવાળી વેકેશન દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ ગામડે જઈ, કેટલાક બાળકોએ ફીલ્મો જોઈ તેમજ નાના બાળકોએ પોતાના ઘર આંગણે જુદી જુદી રમતો રમી વેકેશનની મજા માણી હતી. નગરના કેટલાક સેકટરોમાં દિવાળી વેકેશનના છેલ્લા રવિવારે બાળકોએ પતંગ ઉડાવીને પણ ઉત્તરાયણના તહેવારની યાદ તાજી કરી લીધી હતી. બાળકોએ પરિવાર સાથે બગીચાઓની મુલાકાત લઈ પરિવાર સાથે સમય પસાર કર્યો હતો. જેના કારણે બગીચા, સિનેમાઘરો, ખાણી-પીણીના બજારોમાં તેજી જોવા મળી હતી.



દિવાળી વેકેશન દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓએ આગોતરી પરીક્ષાની તૈયારીઓ કરી હતી. જેમાં તણાવમુકત થવા માટે વિદ્યાર્થીઓએ ફિલ્મોનો સહારો લીધો હતો. જેથી સિનેમાઘરોમાં પણ ભારે ભીડ જોવા મળી હતી તેમજ શાળાના વિદ્યાર્થીઓએ વેકેશન દરમિયાન પોતાના સગા સંબંધીઓના ઘરે મળવા જઈ અનેરો આનંદ મેળવ્યો હતો. આ આનંદ તેમના ચહેરાના સ્મિત દ્વારા છલકાતું જોવા મળતો હતો. સાથે સાથે ગૃહકાર્ય-પ્રોજેકટો તૈયાર કરી હવે શાળાના પ્રારંભે વર્ગ શિક્ષકને ગૃહકાર્ય બતાવવાની વિદ્યાર્થીઓમાં હોડ જોવા મળી રહી હતી. આતુરતાની સાથે શાળાના પ્રથમ દિવસે સજ્જ થઈ શાળા જવા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આધુનિક તેમજ ટેકનિકલ યુગમાં બાળકો ઉપર અભ્યાસનું પણ એક ભારણ થઈ ગયેલ હોઈ તેથી પહેલા સત્ર પછી દિવાળી વેકેશન કેટલાક વિદ્યાર્થીઓને જાણે જેલમાંથી મુકિત મળી હોય તે સમાન લાગ્યું હતું.

# એક તબીબની પ્રેરણાએ ૧૫ વૃધ્ધાશ્રમોના વડીલોનું સ્વાસ્થ્ય સચવાયું



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આઈસીયુ યુનિટના સાતેક તબીબો અને પંદરેક નર્સનો અનોખો સેવા યજ્ઞ : શહેરના ૫૦ કિમી વિસ્તારના તમામ વૃધ્ધાશ્રમોમાં નિયમિત ચેકઅપ-દવા તથા જરૂરી સારવાર વિના મૂલ્યે પુરી પાડવામાં આવી રહી છે

ગાંધીનગર, તા.૨૯

આજથી આશરે પંદરેક વર્ષ પહેલા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એક સિનિયર ડૉકટર પોતાને જયારે સમય મળે ત્યારે કડી ખાતે એક વૃધ્ધાશ્રમમાં જતા અને ત્યાંના વડીલોને મળી તેમની સ્વાસ્થ્ય સંબંધી મદદ કરતા હતા. વડીલોની તબીયત પુછવી, તેમનું ચેકઅપ કરવું, જરૂરીયાત મુજબ દવાઓ આપવી, હોસ્પિટલમાં દાખલ કરવા પડે તેમ હોય તો તે અંગે વ્યવસ્થા કરવી...આવી તમામ સેવાઓ તેઓ પોતાના ગાંઠનું ગોપી ચંદન કરીને કરતા હતા. પોતાના આ સેવા કાર્યને તેમણે સાથી કર્મચારીગણથી પણ છાનું રાખ્યું હતું. એક દિવસ એવું થયું કે આ તબીબ ખૂબ જ અગત્યના કામે બહાર ગયા હતા. આ સમયે પેલા વૃધ્ધાશ્રમના એક વડીલ વૃધ્ધાની તબિયત લથડી અને તેમને થયેલા ઝાડા અતિશય વધી જવા પામ્યાં. તબીબ પર ફોન આવ્યો એટલે તેમણે પોતાના જુનિયર ડૉકટરને ફોન કરી તુરંત ત્યાં ધસી જવા જણાવ્યું. જુનિયર તબીબે ત્યાં જઈ મહિલાની સારવાર કરી તે દરમિયાન પોતાના 'સાહેબ'ની સેવા પ્રવૃત્તિ અંગે તેમને જાણ થવા પામી.

બસ, બીજા દિવસે તેમણે પોતાના સાથી તબીબ મિત્રો જેઓ નિયમિત ક્રમ મુજબ બપોરના ટી-બ્રેક સમયે સાથે બેસીને અલકમલકની વાતો કરતા હતા ત્યારે આ પ્રવૃત્તિ અંગે વાત કરી સાથે 'આપણે પણ આવી સેવા પ્રવૃત્તિ કરવી જોઈએ' તેવી દરખાસ્ત મુકી. બાકીના મિત્રોએ પણ આ દરખાસ્તને હોંશભેર વધાવી લીધી. ત્યારે એક અનુભવી તબીબે કહ્યું, 'આપણે આ પ્રવૃત્તિમાં આરંભે શૂરા, પછી પૂરા તેવા હાલ ના થાય તે જોવું ખાસ જરૂરી છે.' આ માટે સૌએ પોતાના ખિસ્સામાંથી એક નિયત રકમ આ કાર્ય માટે ફાળવવાનું નક્કી કર્યું અને એક ચોકકસ દિવસ પણ નિયત કરાયો જયારે તેમના દૈનિક ફરજનો સમય ના વેડફાય અને પછી ચાલુ થયો એક અનોખી સેવાનો સિલસિલો જે આજે ગાંધીનગરની આસપાસના ૫૦ કિમી વિસ્તારના ૧૫ વૃધ્ધાશ્રમોના સાડા પાંચસોથી વધુ વૃધ્ધોને વિના મૂલ્યે તબીબી સહાય, દવાઓ અને નિયમિત ચેકઅપ ઉપરાંત જરૂરિયાત મુજબના સાધનો જેવા કે વ્હીલચેર, વૉકર કે સ્ટીક વગેરેનો લાભ આપી ચુકી છે. હવે આ કાર્યમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આઈસીયુ યુનિટના સાતેક જેટલા તબીબ મિત્રો અને પંદરેક નર્સ પણ જોડાઈ ચૂકયાં છે અને આ સેવા પ્રવૃત્તિને 'સનસેટ મેડીકલ રિલીફ ફાઉન્ડેશન' જેવું સરસ નામ પણ મળી ચુકયું છે.



દર બે મહિને દરેક વૃધ્ધાશ્રમનો વારો આવે તે રીતે સેવા કાર્યક્રમ ઘડી કઢાયો છે. જેનું નિયમિત પાલન કરાય છે. સેવા કેમ્પ દરમિયાન વડીલોની બીપી, ડાયાબીટીશ, અસ્થમા, ખેંચ, થાઈરોઈડ જેવા અનેક રોગો જેમાં સતત દવાઓ લેવી પડે તેની તપાસ અને જરૂરી દવાઓ વિનામૂલ્યે પુરી પાડવી, ઘડપણમાં શકિત માટે દરકેને આયર્ન-કેલ્શિયમ વગેરેની ટેબ્લેટ આપવી, જરૂર પડે હોસ્પિટલમાં બોલાવી અથવા લાવી સારવાર આપવી એવા તમામ કાર્યો થવા લાગ્યાં. આ કાર્યમાં સિવિલ સર્જનથી માંડીને હોસ્પિટલના એડમીનીસ્ટ્રેશન વિભાગ તરફથી પણ મદદ મળવા લાગી પછી તો આ તબીબોનો ઉત્સાહ વધી ગયો. હવે તો તેમનામાંથી કોઈનો જન્મદિવસ હોય કે મેરેજ એનિવર્સરી આ બધા પ્રસંગે પણ પેલા વડીલો સાથે ઉજવવા લાગ્યા છે. ગાંધીનગરના સે-૬, પેથાપુર, મગોડી, પ્રાંતિજ, મહુડી, વિજાપુર, વરસોડા, ટીંટોદર, મહેસાણા, કડી, કલોલ ઉપરાંત અમદાવાદ પાસેના સીંગરવા તથા કણભાના વૃધ્ધાશ્રમોને પણ આવરી લેવાયા છે. પોતાના ખિસ્સાના ખર્ચે ચાલુ કરાયેલ આ સેવાને હવે તો દાન મળી રહ્યું છે પરંતુ એક પ્રારંભિક તબક્કે એવો પણ સમય આવ્યો હતો કે તમામ નાણાંકીય ફંડ ખલાસ થઈ ગયું હતું ત્યારે આગામી કેમ્પ કેવી રીતે કરશું તે પ્રશ્ન ઉભો થયેલો. ત્યારે અચાનક જ મુંબઈના એક દવા બનાવતા વયોવૃધ્ધ વેપારીએ મોટા જથ્થામાં દવાઓ મોકલી આપતા તમામનો જોશ બેવડાઈ જવા પામ્યો હતો. હવે તો એક સેવાભાવી મિત્રે એમ્બ્યુલન્સ પણ ભેટમાં આપી છે પરંતુ ત્યાં સુધી આ તબીબ મિત્રો પોતાના વાહનનો ઉપયોગ કરી સેવા યજ્ઞને સતત ધબકતો રાખી રહ્યા હતાં.

એપ્રિલ ૨૦૧૦થી ચાલુ થયેલ આ સેવા યજ્ઞ દરમિયાન અનેક લાગણીસભર પ્રસંગો પણ યાદોમાં વણી લેનાર એક ડૉકટરે કહ્યું કે આ બધું તો અમે અમારા આનંદ માટે કરીએ છીએ. આ પ્રવૃત્તિથી અમને સમાજ માટે કંઈક કર્યાના સંતોષ સાથે પેલા વડીલોના અઢળક આશીર્વાદ તથા તેમનો ભરપૂર પ્રેમ આપે છે તે અમારા માટે અમૂલ્ય છે. અમારા તમામ સાથી મિત્રોના મોબાઈલ ફોનમાં બધા વડીલોના નંબર સેવ છે અને તેમના માટે અમારો ફોન ૨૪ કલાક ચાલુ હોય છે.

પ્રતિભાવો : samirtalod@yahoo.com

## કુડાસણ મતદાન મથકની કરાયેલ મતદાર યાદીમાં નામ કમીની રજૂઆત ગેરમાર્ગે દોરવા પ્રેરિત

ગાંધીનગર, તા. ૨૯

રાજય ચૂંટણી પંચના કમિશનર વરેશ સિંહાએ ગાંધીનગર જિલ્લા પંચાયતની કુડાસણ બેઠકના મતદાન મથક કુડાસણ પ્રાથમિક શાળાની ઓંચિતા મુલાકાત લીધી હતી. ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર રવિશંકરની ઉપસ્થઈતિમાં લીધેલ આ મુલાકાતમાં અરજદાર મંછારામની અરજી સાથે મતદાર યાદીની અડાલજ વિભાગ ૯/૧૦ ઝેરોક્ષ નકલ સાથે કોગ્રેસના અગ્રણીએ અરજદારનું નામ મતદાર યાદીમાંથી કમી થયેલ હોઈ કુડાસણ ગામમાં મતદાન કરવા દેતાં નથી, તેવી રજૂઆત કરી હતી.

આ સમયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર રવિશંકરે આ બાબતે તાત્કાલિક કાર્યવાહી હાથ ઘરવા જિલ્લા ચૂંટણી તંત્રને આદેશ આપતા અરજદાર મંછારામ પ્રજાપતિનું નામ ૨૯-વાવોલ જિલ્લા પંચાયતમાં સમાવિષ્ટ-૯-અડાલજની તાલુકા શાળા રૂમ નંબર-૫ અડાલજની મતદાર યાદીમાં અ.નં ૩ ઉપર ચાલતું હતું. અને તેમના પત્ની મંથરાબેનનું નામ અ.નં- ૨ પર ચાલે છે. અરજદાર મંછારામ પ્રજાપતિનું નામ પુરવણી યાદી નં-૩માં કમી થયેલ હોઈ હાલની માર્ક યાદીમાં તેમના નામ ઉપર ડીલીટનો સિક્કો મારેલ છે.

અરજદારની રજૂઆત મુજબ તેઓને અડાલજ ખાતે મતદાન મથકનો સંપર્ક કરવાનો થાય, તેમ છતાં પ્રેસ મીડિયાને ગેરમાર્ગે દોરવા કુડાસણ ખાતે ચૂંટણી કમિશનરશ્રીની મુલાકાત સમયે કરેલ રજુઆત તથ્ય વિહીન અને ગેરમાર્ગે દોરવા કરેલ છે, તેવું ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત (ગાંધીનગર તાલુકો) અને જિલ્લા પુરવઠા અધિકારી, ગાંધીનગરની યાદીમાં જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. હેતલબેન ઈશ્વરજી સોલંકી, ઉ.વ. ૩૨
- સ્વ. નલીનીબેન મનહરલાલ છનીયારા, ઉ.વ. ૭૬
- સ્વ. કિશનભાઈ રામજીભાઈ પરમાર, ઉ.વ. ૪૦
- સ્વ. કાળુસિંહ રનતસિંહ રાણા, ઉ.વ. ૪૨
- સ્વ. જેઠાનંદ ચીમનલાલ ગોપલાણી, ઉ.વ. ૪૬